સુરતી યંગસ્ટર્સ નવરાત્રીની અત્યારથી જ રાહ જોવા લાગ્યા છે. નવેનવ દિવસ અલગ અલગ ફુલ ટ્રેડિશનલ, સેમી ટ્રેડિશનલ ડ્રેસ તેની સાથે મેચ કરતી જ્વેલરી કેવી રહેશે તેની તૈયારીઓ અત્યારથી જ થોડી થોડી શરૂ થઈ ગઈ છે. નવરાત્રીમાં મોટા આયોજનમાં ફુલ કોન્ફિડન્સથી રમવા માટે તેના ચાર મહિના પહેલા કલાસ શરૂ થઈ જાય છે જે નવરાત્રીમાં ગરબા રમવાનો ક્રેઝ બતાવે છે. આ જુસ્સો વધારે વધે તે માટે હવે ગરબા કોમ્પિટિશન્સ નવરાત્રીના ત્રણ-ચાર મહિના પહેલાં આયોજિત થવા લાગી છે. આવી કોમ્પિટિશન્સ સેમી અને ફુલ ટ્રેડિશનલ ડ્રેસકોડમાં કરવાનો ટ્રેન્ડ છેલ્લાં બે વર્ષથી શરૂ થયો છે. આ પ્રકારની ગરબા કોમ્પિટિશન્સમાં નવરાત્રી પહેલા જ ઈનામો જીતવાની તક મળે છે. તો ચાલો આ નવા ટ્રેન્ડ વિશે જાણીએ...

જનરેશન Y



# પ્રિ-નવરાત્રી પહેલાં ગરબા કોમ્પિટિશનનો નવો ચિલો...



## સેમી ટ્રેડિશનલ અને ફુલ ટ્રેડિશનલમાં કોમ્પિટિશન્સ

સુરતીઓમાં નવરાત્રીમાં રમવાનો ક્રેઝ હવે વધતો જ જાય છે. મોટા આયોજનમાં ગ્રેસ્ફુલી રમી શકાય તે માટે કોમ્પિટિશન્સનો દોર શરૂ થયો છે. આવી કોમ્પિટિશન્સમાં સેમી ટ્રેડિશનલ અને ફુલ ટ્રેડિશનલ આવા બે ડ્રેસ કોડ રાખવામાં આવે છે. ફુલ ટ્રેડિશનલમાં ફિમેલ્સ માટે મિરર કે ભરતકામ વર્કવાળા ચણિયા ચોળી, ઓક્સીડાઈઝ્ડ જ્વેલરી, મોજડી, પાયલ, વીંછીયા અને પુરૂષો માટે મિરર અને ભરતકામ વર્કવાળું કેડિયું, ફેંટો કે પછી પાઘડી, કમરપટ્ટો, મોજડી અને પરંપરાગત આભૂષણો પહેરીને રમવાનું, જ્યારે સેમી ટ્રેડિશનલ ડ્રેસ કોડમાં કુર્તા અને કુર્તિ હોય જીન્સ ટી-શર્ટ નહીં. પહેલાં સ્પેસિફિક કલરના ડ્રેસકોડ રહેતા. બધા ને જ એવા જ કલરના ડ્રેસ લેવા પોષાતા ના હોય એટલે કોઈ પણ રંગના સેમી અને ફુલ ટ્રેડિશનલ ડ્રેસકોડ કર્યા છે. આવી કોમ્પિટિશન્સ ગરબા કલાસમાં અથવા AC ડોમમાં પણ આયોજિત થાય છે. જે લોકોને મોટા આયોજનના પાસ મોંઘા લાગતા હોય તેવા લોકોને આવી કોમ્પિટિશનમાં નોમીનલ ફિસ ચૂકવીને મોટા આયોજનના ડોમમાં રમવાની તક મળે છે.



## પ્રિ-નવરાત્રી પહેલા ગરબા કોમ્પિટિશન્સનો ટ્રેન્ડ આવ્યો



આપણે બધા જ જાણીએ છીએ કે, નવરાત્રીના 10-15 દિવસ પહેલાંથી પ્રિ-નવરાત્રીના આયોજન શરૂ થઈ જાય છે, પણ હવે પ્રિ-નવરાત્રી પહેલા જ ગરબા કોમ્પિટિશન્સનો નવો ટ્રેન્ડ છેલ્લા બે વર્ષથી આવ્યો છે. સિટીના એક ગરબા કલાસીસના સંચાલક તરુણ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું કે, ગરબા કલાસીસ નવરાત્રીના ચાર મહિના પહેલા શરૂ થાય તેની પેરેલલ હવે મોટાભાગે ગરબા કલાસીસ દ્વારા ગરબા કોમ્પિટિશન્સનું આયોજન થવા લાગ્યું છે. આ કોમ્પિટિશન્સના આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય જે પહેલી વાર જ મોટા આયોજનો જેમકે ડોમમાં ગરબા રમવા જવાના હોય કે ત્યારે થતી કોમ્પિટિશન્સમાં ભાગ લેવાના હોય તેમને અનુભવ આપવાનો અને મોટા આયોજનમાં રમતા પહેલાં પ્રિપેર કરવાનો હોય છે.



## બાળકોમાં છોકરાઓની સંખ્યા વધુ, 40 પ્લસ એજમાં ફિમેલ્સ વધુ



આ પ્રેક્ટિસ કે કોમ્પિટિશન્સમાં ચાઈલ્ડ કેટેગરીમાં 10 વર્ષ કરતાં ઓછી ઉંમરના છોકરાઓમાં રમવાનો ક્રેઝ વધારે જોવા મળે છે જ્યારે 40 પ્લસની ઉંમરમાં ફિમેલ્સને પુરુષો કરતા વધારે ક્રેઝ હોય છે. નવરાત્રીના મહિનાઓ પહેલા થતા કોમ્પિટિશન્સના આયોજનમાં ભાગ લેવા માટે નોમીનલ ફિસ રાખવામાં આવતી હોય છે.

## નવરાત્રી પહેલાં જ પ્રાઇઝ જીતવાનો મોકો મળે

પહેલા મોટા આયોજનોમાં નવરાત્રી રમીને પ્રાઈઝ જીતી શકાતા. હવે ચાર મહિના પહેલા શરૂ થતાં ગરબા કોમ્પિટિશન્સમાં કેશ પ્રાઈઝ, ગીફ્ટ વાઉચર અને ટ્રોફી જીતી શકાય છે. નવરાત્રી પહેલા જ ઈનામ જીતી શકાતા હોવાથી હવે ખેલૈયાઓનો જુસ્સો ઓર વધી રહ્યો છે. ગત જૂનથી અત્યાર સુધીમાં સુરતમાં વેસુ, મોટા વરાછા, ડીંડોલી અને અલથાણમાં આ પ્રકારની કોમ્પિટિશન્સ થઈ છે. પ્રાઈઝમાં પણ ચાર કેટેગરી હોય. વેલ ડ્રેસ્ડ, ગ્રેસફુલ પરફોર્મન્સ, એનર્જેટિક પરફોર્મન્સ અને ચેમ્પિયન ઓફ ધ કોમ્પિટિશન કે પછી પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ.

# ફ્રેન્ડશિપ ડે પર ગિફ્ટિંગ માટે આવ્યા ક્રોશે ગ્રીટિંગ કાર્ડ અને મેજિક પિલો

LifeStyle Trends

મોબાઈલ ફોનની દુનિયા નહીં હતી ને ત્યારે એટલે કે 20-25 વર્ષ પહેલા બર્થડે, એનિવર્સરી, વેલેન્ટાઈન ડે ફ્રેન્ડશીપ ડે કે બીજા કોઈ સ્પેશિયલ ઓકેઝન હોય તેમાં હાર્ટ ટચિંગ મેસેજવાળા ગ્રીટિંગ કાર્ડ્ઝની બોલબાલા હતી. ગ્રીટિંગ કાર્ડ્ઝની શોપ પર આવા કાર્ડ્ઝ લેવા પડાપડી થતી. જ્યારે સ્પેશ્યલ ડેઝ પર ચોકલેટ્સ ગીફ્ટ હેમ્પર, કસ્ટમાઈઝ્ડ ગિફ્ટસ આપવાનું ચલણ વધ્યું ત્યારે કાર્ડ આપવાનો ટ્રેન્ડ ઘટયો. હવે ફરી એકવાર ગ્રીટિંગ કાર્ડ્ઝની એન્ટ્રી થઈ ગઈ છે. જોકે, આ કાર્ડ્ઝમાં ક્રિએટીવીટીની ઝલક દેખાય તેવા ક્રોશે ફ્રેન્ડશીપ ડે ગ્રીટિંગ કાર્ડ્ઝ અત્યારના Gen-Z યુવક યુવતીઓને આકર્ષક લાગી રહ્યાં છે. આ ઉપરાંત કેવી યુનિક ગીફ્ટ આ સ્પેશ્યલ ડે માટે ટ્રેન્ડિંગ છે તે આપણે જાણીએ...



## ક્રોશે ગ્રીટિંગ કાર્ડ્ઝ ક્રિએટિવ અને ઇકો-ફ્રેન્ડલી છે

હવેના યંગસ્ટર્સ ક્રિએટિવિટી તરફ ઢળેલા છે. વળી, અત્યારે તો ક્રોશે એટલે કે ઉનથી ગુંથેલા ફ્લાવર્સ, હાર્ટ અને સ્ટાર ડિઝાઈનમાં ક્રોશે એન્કલેટ, પર્સ, જ્વેલરી તો ટ્રેન્ડિંગ છે જ પણ આ વખતે આ વખતે ફ્રેન્ડશીપ ડે ને લઈને ક્રોશેના બનેલા ગ્રીટિંગ કાર્ડ્ઝની બોલબાલા છે. ઉનથી ગુંથેલા ફ્લાવર્સ, ક્રોશેના બનેલા ફ્રેન્ડશીપ બેન્ડ વગેરેને ચિપકાવી આવા યુનિક કાર્ડ્ઝ બનાવાય છે. આ પ્રકારના કસ્ટમાઈઝ્ડ કાર્ડ્ઝમાં સર્જનાત્મકતા તો દેખાય જ છે સાથે તે ઈકો-ફ્રેન્ડલી છે અને લોંગ લાસ્ટિંગ પણ હોય છે.

## કસ્ટમાઇઝ્ડ ફોટો સ્ક્રેપ બુક હાર્ટ ટચિંગ ગીફ્ટ છે



કસ્ટમાઈઝ્ડ ફોટો સ્ક્રેપ બુક ફ્રેન્ડશીપ ડે માટે ખૂબ જ પ્રેમાળ અને હાર્ટ ટચિંગ ગીફ્ટ છે. જેમાં તમે તમારા બેસ્ટ ફ્રેન્ડ સાથે કશે ફરવા ગયા હો તેની યાદગાર તસવીર, સ્કૂલ-કોલેજ સમયના ફ્રેન્ડની સાથેના ફોટા અને મનગનતા મેસેજીસને સજાવી શકો છો. આવી સ્ક્રેપ બુકમાં સાથે ખાધેલી ચોકલેટના રેપર, ફિલ્મ જોવા ગયેલા તેની ટીકીટ પણ ચોંટાડી કસ્ટમાઈઝ્ડ સ્ક્રેપ બુક બનાવી તમારા બેસ્ટ ફ્રેન્ડને આ વિશેષ દિવસ પર મેમરેબલ ગીફ્ટ આપી શકો છો.



## મેજિક પિલો (Pillow) જેની પર હાથ ફેરવતા જ તસ્વીર ઉપસી આવે

આ ફ્રેન્ડશીપ ડે પર ગિફ્ટિંગ માટે મેજિક પિલો સુરતીઓમાં એક યુનિક આઈડિયા રહેશે. તેમાં ચમકદાર સિક્વન્સ લાગેલા હોય. જેની પર હાથ ફેરવતા જ ઓશિકામાં છુપાવવામાં આવેલો મિત્રનો ફોટો અને મિત્રતા દિવસના હૃદય સ્પર્શી મેસેજીસ ઉપસી આવે છે. આવા પિલો કસ્ટમાઈઝ્ડ પણ બનાવાય છે. આવા પિલો સ્ક્વેર કે પછી હાર્ટની ડિઝાઈનમાં હોય છે. તે લાલ બ્લેક, બ્લ્યુ જેવા કલર્સના સિક્વન્સમાં મળે છે.

મેરી સુરત દેઠો આંખે
ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**


## હતો ઈતિહાસ સારા વર માટે દીકરીના અલૂણાંનો, પણ હવે જીવ બચાવવો પડશે દીકરાઓનો...




**સારો પતિ પામવા નથી ખાતી લૂણ દીકરીઓ, રહે છે ભૂખી અને કહેવાય છે તેને અલૂણાં, હતો તે સમય કે જ્યારે દીકરીઓ ગાય બનીને રહેતી અને પતિનું કહ્યું કરતી, પણ બદલાયો છે સમય એવો કે સમજી જેને ગાય તે હવે મારે છે શિંગડાં, પર્વત પરથી મારીને ધક્કો પતિના જીવનના ઉડાડે છે ચિંથરાં... દીકરીઓ નહીં પણ હવે જરૂર પડી રહી છે દીકરાઓને વ્રત કરવાની, ઉપવાસ રાખીને જવારા પૂજીને માંગ કરવાની છે સારી પત્નીની... કોઈક પૂરી દે છે મારીને ડ્રમમાં, તો કોઈક મારીને દાટી દે છે ઘરના પાતાળમાં... હતો નારો 'બેટી બચાવવા'નો પણ હવે થઈ ગયો છે સમય 'બેટાઓને બચાવવા'નો...**

**સદીઓથી સુરત શહેરની સમૃદ્ધિ સાથે એક વાસ્તવિકતા પણ વણાયેલી છે - તે છે તાપી નદીમાં આવતા વિનાશક પૂર... સોનાની મુરત ગણાતું સુરત તેની ભૌગોલિક સ્થિતિને કારણે તાપીના પૂરમાં અનેકવાર જળબંબાકાર થતું આવ્યું છે, જે સિલસિલો આજે પણ ચાલુ છે. તો આજે સુરતે જે જળ હોનારતો ભૂતકાળમાં વેઠી તેના ઈતિહાસ પર નજર ફેરવીએ...**

# "ઝાઝો જુલમ થયો કળી કાળમાં જો, સુરત ઝલઈ ગયું રેલની જાળમાં જો."


આ ચિત્ર AI સર્જિત છે

સુરત પૂર નિમિત્તે વારંવાર કુદરતી પ્રકોપનો સામનો કરતું આવ્યું છે. હાલમાં પણ સુરતે ખાડીપૂરની સ્થિતિ ભોગવી અને નુકશાન વેઠ્યું. જોકે, પહેલાનાં સમયમાં સુરતમાં ખાડીપૂરની નહિ પણ તાપીપૂરની સમસ્યા હતી. તાપી નદી ઉપરવાસમાં વરસાદને કારણે પોતાના બે કાંઠા તોડીને ઝંઝાવાતી સ્વરૂપે સુરત શહેરને આલિંગન આપતી. તાપી નદીનો ઈતિહાસ જોતાં ચોમાસાની ઋતુમાં રેલ તો કાયમી સ્તરે જ આવતી હોવાનું પ્રતીત થયું છે એટલે જ આજે જો તમે તળ સુરતના જૂના બાંધેલા મકાનોને જુઓ તો એ સર્વ મકાનોમાં ઊંચા ઓટલા રહેતા. એ સમયની દૂરંદેશી પ્રજાએ વારંવાર આવતી રેલથી બચવા માટે પોતાના ઘરોનું આ રીતે નિર્માણ કરાવ્યું. બાકી બીજા શહેરોમાં આ હદે ઊંચા ઓટલાવાળા બાંધકામ બહુ જોવા નથી મળતું.

૧૯મી સદીમાં તો જાણે રેલની પરંપરા જ ચાલી હતી. તેમાં પણ ૧૮૧૦માં સુરતમાં ભયાનક રેલ આવી ત્યારબાદ દસ વર્ષ બાદ ૧૮૨૨ની ૨૧મી સપ્ટેમ્બરે આવેલી રેલમાં સુરતનાં કોટના અગિયાર દરવાજામાં રેલના પાણી ઘૂસી ગયા હતા. ફક્ત સૈયદપરાનો દરવાજો સલામત રહ્યો હતો. આખો કોટ તણાઈ ગયો હતો. આ રેલમાં જાનમાલની એટલી ખુમારી થઈ હતી કે ત્યારે આ રેલને "મહાજગત રેલ" કહેવામાં આવી હતી. ત્યારબાદ આવી ૧૮૩૭ની રેલ જેણે સુરતનો વૈભવ સંપૂર્ણપણે ખતમ કરી નાંખ્યો કારણ કે એ જ વર્ષે એપ્રિલ મહિનામાં લાગેલી આગે પણ જંગી નુકશાન કર્યું હતું. ત્યારબાદ ઓગસ્ટ મહિનામાં રેલ આવી હતી. મળેલી માહિતી મુજબ ૨૧ ઓગસ્ટે તાપીમાં પૂર આવ્યું. તેના પાણી તો ત્રણ દિવસ રહીને ઉતરી ગયા. લોકો થોડા ઠરીઠામ થયા, સફાઈ કરી ત્યાં ફરી પાંચ દિવસ રહીને ૨૯મી ઓગસ્ટે નવા પાણી કુલપાડા વિસ્તાર તરફથી ફરી વળ્યા. ખાનદેશ તરફથી આવતા એ પાણીના માર્ગમાં કેટલાંય ગામનો ભંગાર દરિયા ભણી તણાઈ જતો. મળેલી માહિતી મુજબ એ વખતે તાપી, કીમ અને નર્મદા ત્રણે નદીઓ જાણે એકમેક સાથે જોડાઈ ગઈ હતી. આખા શહેરની ભૂગોળ એ બાદ ફેરવાઈ ગઈ. ઘણા એવું માને છે કે આ તારાજી બાદ જ અંગ્રેજોએ પોતાનું મથક સુરતથી ફેરવી મુંબઈ તરફ નજર દોડાવી હતી. ૧૭૯૭માં સુરતની વસ્તી જે આઠ લાખની હતી તે આગ અને રેલને કારણે થયેલી હોનારત અને સ્થળાંતરને કારણે ૧૮૪૭માં ફક્ત ૮૦,૦૦૦ની થઈ ગઈ. આ કાયમી કુદરતી આફત સામે રક્ષણ માટે સુધરાઈએ ત્યારે 'રેલ સંરક્ષક પગલાં' તરીકે મકાઈપુલ આગળ પાળો અને પાણીનાં નિકાલ માટે સ્લુસ વાલ્વની જોગવાઈ સાથે એક દરવાજો બાંધ્યો હતો.

સુધરાઈનાં પગલાંઓ છતાં ત્યારબાદ ૧૮૮૩માં ફરી રેલ આવી અને એ વખતે પાણીની સપાટી ૧૦૦.૧૦ ફીટ સુધી પહોંચી હતી. લગભગ પોણું શહેર એ વખતે બે દિવસ પાણીમાં રહ્યું હતું. આ રેલમાં ૪૦૦ જેટલા ઘરો ધરાશાયી થયા અને ૨૫૦ જેટલા તો તણાઈ ગયા. ૧૮૮૩ની રેલ માટે ઘણી ગરબીઓ પણ લખવામાં આવી છે. એ ગરબીઓમાં વર્ણવવામાં આવ્યા પ્રમાણે સુધરાઈના સભ્યો, અમલદારો અને શહેરીજનોએ સંગઠન અને એકતાથી અપાર જહેમત ઉઠાવીને ભયગ્રસ્ત વિસ્તારમાંથી પોતાની જાનના જોખમે લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા.

આજે 21મી સદીમાં પણ સુરતને પૂરનું જોખમ ઘટ્યું નથી. અલબત્ત ઉકાઈ ડેમને કારણે હવે ઉપરવાસના વરસાદને કારણે તાપીમાતા બે કાંઠે થઈ જતા હતા તેનું જોખમ ઘટ્યું છે.

ઉકાઈ ખાતે ભયજનક સપાટી ૩૪૫ વટાવ્યા બાદ જ તાપી નદીમાં રેલ આવવાની સંભાવના રહે છે. એ દ્રષ્ટિએ હાલ તો ઉકાઈ ડેમ એ સુરતીઓ માટે આશીર્વાદરૂપ બની રહ્યો છે. સુરતીઓ માટે અહીં એટલું જરૂરથી કહેવું પડે કે આટઆટલી જળરેલ જોવા, અનુભવ્યા અને જાનમાલનું નુકશાન વેઠ્યા પછી સુરતીલાલાઓ પોતાનો મોજીલો સ્વભાવ અને ધૂળમાંથી પણ સર્જન કરવાનો સ્વભાવ ચૂકતા નથી અને ફરી આ શહેર બેઠું થઈ જ જાય છે; તેનું સૌથી મોટું ઉદાહરણ ૨૦૦૬માં આવેલી રેલ છે કે જેમાં લગભગ આખું શહેર પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. સુરતીઓનાં જુસ્સા, ઉત્સાહ અને બધું ખંખેરીને ઊભાં થઈ જવાની જે આદત છે તેનાં માટે આપણાં વડવાઓના સંસ્કાર જવાબદાર છે કારણ કે આજે પણ સુરતીઓ ઘરડાંઓને મોંઢે એવું સાંભળવા મળે કે, "તાપીમાતાએ આપેલું તાપીમાતાએ લીધું એટલે બહુ હૈયાશોક રાખવો નહિ."

**આટઆટલી રેલ જોવા, અનુભવ્યા અને નુકશાન વેઠ્યા પછી સુરતીલાલાઓ પોતાનો મોજીલો અને ધૂળમાંથી પણ સર્જન કરવાનો સ્વભાવ ચૂકતા નથી અને તેનું સૌથી મોટું ઉદાહરણ ૨૦૦૬માં આવેલી રેલ છે**




વારસાની વરિયાળી

**રેલને કારણે જ પાણી ઉતરતાં જ શહેરમાં રોગચાળો પણ ફાટી નીકળતો. ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં વારંવાર કોલેરા અને પ્લેગને કારણે પણ સુરતે ઘણી હાલાકી ભોગવી. ત્યારે શહેરમાં દવાખાનાની પૂરતી જોગવાઈ ન હોવાથી હોસ્પિટલની જરૂરિયાતને ઓળખીને ૧૮૬૪માં કાવસજી જહાંગીરે જૂની સિવિલ હોસ્પિટલ ચોક બજારમાં બનાવી હતી.**